
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૦૧ | ૧૨ જાન્યુઆરી, ૨૦૨૨, બુધવાર; પોષ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઉત્તરપ્રદેશમાં ભાજપને મોટો ઝટકો

## યુપીના મંત્રી મોર્ય રાજીનામું આપી સપામાં જોડાઈ ગયા : યુપીના રાજ્યપાલને મોકલેલા રાજીનામાના પત્રમાં સ્વામી પ્રસાદ મૌર્યએ ભાજપની કામગીરી પર સવાલો ઉઠાવ્યા : ૧૨થી વધુ સભ્યોનું સમર્થન હોવાનો મૌર્યનો દાવો



લખનઉ , તા.૧૧

ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. પાર્ટીના કેબિનેટ મંત્રી સ્વામી પ્રસાદ મૌર્યએ ભાજપના મંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું છે. એટલું જ નહીં, તેઓ ભાજપમાંથી રાજીનામું આપીને સમાજવાદી પાર્ટીમાં પણ જોડાઈ ગયા છે. સ્વામી પ્રસાદની પુત્રી સંઘમિત્રા મૌર્ય પણ ભાજપના સાંસદ છે. યુપીના રાજ્યપાલ આનંદીબેન પટેલને મોકલવામાં આવેલા રાજીનામાના પત્રમાં સ્વામી પ્રસાદ મૌર્યએ ભાજપની કામગીરી પર સવાલો ઉઠાવ્યા છે. સ્વામી પ્રસાદનો આરોપ છે કે તેમણે તેમની જવાબદારી નિભાવી પરંતુ પાર્ટીએ ઉપેક્ષિત વલણ અપનાવ્યું, જેના કારણે તેઓ રાજીનામું આપી રહ્યા છે. રાજ્ય સરકારમાં કેબિનેટ મંત્રી રહી ચૂકેલા સ્વામી પ્રસાદ મૌર્યના રાજીનામા બાદ બાંદાની તિંદવારી સીટ પરથી ભાજપના ધારાસભ્ય બ્રિજેશ પ્રજાપતિએ પણ રાજીનામું આપી દીધું છે. તેમણે કહ્યું કે સ્વામી પ્રસાદ મૌર્યજી શોષિત પીડિતોનો અવાજ છે અને તેઓ અમારા નેતા છે, હું તેમની સાથે છું. પત્રકારો સાથે વાત કરતા

● અનુસંધાન પાન-૭ પર

# ભારતને વધુ ત્રણ રાફેલ વિમાન ફેબ્રુઆરીમાં મળશે

## છેલ્લું રાફેલ વિમાન એપ્રિલ માસમાં ભારતને મળી જશે



નવી દિલ્હી, તા.૧૧

ભારતીય વાયુસેનાને વધુ ત્રણ રાફેલ વિમાન ફેબ્રુઆરી મહિનામાં મળી જશે. એક કે બે ફેબ્રુઆરીએ આ ત્રણ વિમાનો ભારત પહોંચે તેવી શક્યતા છે.આ વિમાનોને સંપૂર્ણપણે ભારતની જરુરિયાતોના પ્રમાણે ઉપકરણોથી સજ્જ કરાયા છે.જ્યારે છેલ્લુ રાફેલ વિમાન એપ્રિલમાં ભારતને મળી જશે. જો હવામાન સારુ રહ્યુ તો ૧ અથવા બે ફેબ્રુઆરીએ આ વિમાન ભારત આવવા રવાના થશે.ત્રણ વિમાનો નોન સ્ટોપ ઉડાન માટે હવામાં જ રિફ્યુલિંગ કરશે. અંતિમ રાફેલ વિમાન પણ તૈયાર થઈ ચુકયુ છે.જે એપ્રિલ ૨૦૨૨માં ભારતને મળશે.ફ્રાંસે ભારતને ૩૬ રાફેલ આપવાનુ નક્કી કર્યુ છે. ભારત માટેના રાફેલને હવાથી હવામાં માર કરતા લાંબા અંતરના મિટિયોર મિસાઈલ, લો બેન્ડ ફ્રિન્સવી

● અનુસંધાન પાન-૭ પર

# સિવિલ સેવાઓની મહત્તમ વય મર્યાદા ૩૮ વર્ષ કરાઈ

## સરકારી નોકરી વાંચ્છુઓ માટે સારા સમાચાર : સહાયતા પ્રાપ્ત કોલેજોની પાત્ર મહિલા કર્મચારીઓ માટે મેટરનીટી લિવ ૯૦ દિવસથી વધારીને ૧૮૦ દિવસ

ભુવનેશ્વર, તા.૧૧

સરકારી નોકરીની ઈચ્છા રાખનાર માટે ખુશખબરી છે. સરકારે સિવિલ સેવાઓ માટે ઉપરી આયુ સીમા ૩૨ વર્ષથી વધારીને ૩૮ વર્ષ કરી દીધી છે. રાજ્ય સરકારે સરકારી નોકરીઓ માટે વય મર્યાદાને હાજર ૩૨થી ૬ વર્ષ વધારીને ૩૮ કરવાનો નિર્ણય કરાયો છે. સાથે જ સહાયતા પ્રાપ્ત કોલેજોની પાત્ર મહિલા કર્મચારીઓ માટે માતૃત્વ અવકાશને ૯૦ દિવસથી વધારીને ૧૮૦ દિવસ કરી દેવાઈ છે. મુખ્યમંત્રી નવીન પટનાયકની અધ્યક્ષતામાં થયેલી કેબિનેટની બેઠકમાં કેટલાક મોટા નિર્ણય લેવાયા છે. કેબિનેટે રાજ્ય સિવિલ સેવાઓ માટે વય મર્યાદા ૩૨ વર્ષથી વધારીને ૩૮ વર્ષ કરી દેવાઈ છે. ત્યાં રાજ્ય સરકારે સરકારી નોકરીઓ માટે વય મર્યાદાને ૩૨થી ૬ વર્ષ વધારીને ૩૮ કરી દેવાયા છે. સુરેશ ચંદ્ર મહામાત્ર અનુસાર, પુરુષ ઉમેદવાર માટે વય મર્યાદા ત્રણ વર્ષ વધારી દેવાઈ છે જ્યારે મહિલા ઉમેદવાર માટે વય મર્યાદા પાંચ વર્ષ વધારી દેવાઈ છે.



સંશોધિત વય મર્યાદા ૨૦૨૧માં શરૂ કરી દેવાઈ અને ૨૦૨૨ અને ૨૦૨૩ માં કરનારી ભરતી પ્રક્રિયા માટે લાગુ થશે. આનાથી સરકારી નોકરીની તૈયારી કરી રહેલા યુવાઓને શ્રેષ્ઠ અવસર મળશે. આ પ્રસ્તાવની મંજૂરી બાદ મુખ્ય સચિવ સુરેશ ચંદ્ર મહાપાત્રે કહ્યુ, સરકારે સિવિલ સેવા સુધી પહોંચ માટે વય મર્યાદાને ૩૨થી ૩૮ વર્ષ માટે ત્રણ વર્ષ માટે ૨૦૨૩ સુધી વધારવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય તે યુવાઓને સક્ષમ કરવા માટે કરવામાં આવ્યુ હતુ જે કોવિડની સ્થિતિના કારણે ભરતી પરીક્ષામાં હાજર થઈ શક્યા નહીં અને છેલ્લા બે વર્ષોમાં તેમની ભરતી પૂરી થઈ ગઈ.

### IPLમાં ટાઈટલ સ્પોન્સર્સ તરીકે ટાટા સાથે કરાર

મુંબઈ, તા.૧૧

મોબાઈલ બનાવતી ચાઈનિઝ કંપની વિવોએ ૧૭ મહિનાની અંદર બીજી વખત ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માંથી બીજી વખત ટાઈટલ સ્પોન્સર્સ તરીકે વિદાય લીધી છે. જોકે, આ વખતે તે કોઈ પણ મુશ્કેલી વગર વિશ્વની લોકપ્રિય ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાંથી દૂર થઈ છે. વિવો પ્રથમ વખત જ્યારે આઈપીએલ સાથે જોડાયું હતું ત્યારે રાજકિય કારણોસર તેનો વિરોધ થયો હતો જેના કારણે ૨૦૨૦ની સિઝન અગાઉ તેણે આઈપીએલથી છેડો ફાડી નાંખ્યો હતો. જોકે, આ વખતે વિવો એટલા માટે આઈપીએલથી દૂર થઈ રહ્યું છે કેમ કે તેને પોતાના રોકાણનું યોગ્ય વળતર મળી રહ્યું નથી. જોકે, બીસીસીઆઈને નવા સ્પોન્સર મેળવવામાં તકલીફ પડી નથી

# રાહત : દેશમાં કોરોનાના નવા ૧૬૮૦૬૩ કેસ

## કોરોનાના નવા કેસમાં ૬.૫ ટકાનો ઘટાડો નોંધાયો છે જે રાહતના સમાચાર કહી શકાય, છેલ્લા ૨૪ કલાકમાં ૬૯,૯૫૯ દર્દીઓ રિકવર થયા

નવી દિલ્હી,તા.૧૧

ભારતમાં કોરોનાના નવા કેસમાં સામાન્ય ઘટાડો જોવા મળ્યો છે જે રાહતના સમાચાર ગણી શકાય. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧.૬૮ લાખ કેસ નોંધાયા છે. ગઈ કાલે કોરોનાના ૧,૭૯,૭૨૩ નવા કેસ નોંધાયા હતા. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે બહાર પાડેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧,૬૮,૦૬૩ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતોની સંખ્યા હવે ૩૫,૮૭૫,૭૯૦ થઈ ગઈ છે. એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો હાલ દેશમાં ૮,૨૧,૪૪૬ દર્દીઓ સારવાર હેઠળ છે. કોરોનાના નવા કેસમાં ૬.૫ ટકાનો ઘટાડો નોંધાયો છે જે રાહતના સમાચાર કહી શકાય. છેલ્લા ૨૪ કલાકમાં ૬૯,૯૫૯ દર્દીઓ રિકવર થયા છે. એક દિવસમાં કોરોનાએ ૨૭૭ દર્દીઓનો ભોગ લીધો છે. આ સાથે દેશમાં કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો હવે ૪૮૪,૨૩૧ થઈ ગયો છે. દેશમાં કોરોનાથી રિકવરી રેટ ૯૬.૩૬% છે. જ્યારે હાલ કોરોનાનો ડેઈલી પોઝિટિવિટી રેટ ૧૦.૬૪% થયો છે. દેશમાં કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનના કેસ વધીને ૪૪૬૧ થયા છે. રસીકરણ પણ પૂરજોશમાં ચાલુ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૯૨,૦૭,૭૦૦ રસીના ડોઝ અપાયા છે. હવે રસીકરણનો આંકડો ૧૫૨૮૯૭૦૨૯૪ પર પહોંચ્યો છે.

### કોરોનાથી મૃત્યુ પામનારા ૭૬ ટકાએ રસી નહતી લીધી

નવી દિલ્હી, તા.૧૧

ભારતમાં કોરોનાની ત્રીજી લહેર શરુ થઈ ગઈ છે.કોરોનાના દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી નિયંત્રણો લગાવવામાં આવી રહ્યા છે. બીજી તરફ ડેલ્ટા વેરિએન્ટ કરતા પણ નવા ઓમિક્રોન વેરિએન્ટતી સંક્રમણ ફેલાવવાનો ખતરો વધી ગયો છે.જોકે તેનાથી મોત થવાનુ જોખમ ઓછુ છે તેવુ નિષ્ણાતોનુ કહેવુ છે. નવા દર્દીઓ પૈકી માંડ પાંચેક ટકાને હોસ્પિટલમાં દાખલ થવાની જરુર પડી રહી છે.કોરોનાના હાહાકાર વચ્ચે કોરોના વેક્સીનની અસરકારકતા ફરી સાબીત થઈ છે. રાજધાની દિલ્હીમાં પાંચ થી નવ જાન્યુઆરી વચ્ચે ૪૬ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યો હતો અને આ પૈકીના ૭૬ ટકાએ કોરોનાની રસી નહોતી લીધી. જીવ ગુમાવનારાઓ પૈકી ૨૫ દર્દીઓ ૬૦ કે તેથી વધારે વયના હતા.જ્યારે ૪૧ થી ૬૦ વર્ષના ૧૪ લોકો અને ૨૧ થી ૪૦ વર્ષના પાંચ લોકો હતા. ૪૬માંથી ૧૨ દર્દીઓ એવા હતા જેમનુ હોસ્પિટલમાં દાખલ થયાના એક જ દિસમાં મોત થયુ હતું.

### લતા મંગેશકરને કોરોના થતા હોસ્પિટલમાં દાખલ કરાયા

#### આઈસીયુમાં સારવાર હેઠળ, લાખો ચાહકો લતા મંગેશકર વહેલા સાજા થાય તે માટે પ્રાર્થના કરી રહ્યા છે

મુંબઈ, તા.૧૧

સૂર સામ્રાજ્ઞી અને લિજન્ડરી સિંગર લતા મંગેશકર કોરોનાથી સંક્રમિત થયા છે. ૯૨ વર્ષના લતા મંગેશકરને મુંબઈની હોસ્પિટલમાં



દાખલ કરાયા છે. ચાહકો માટે રાહતની વાત એ છે કે ,તેમનામાં કોરોનાના હળવા લક્ષણો છે પણ તેમની વયને ધ્યાનમાં રાખીને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.હ ાલમાં તેઓ આઈસીયુમાં સારવાર લઈ રહ્યા છે. લાખો ચાહકો લતા મંગેશકર વહેલા સાજા થાય તે માટે પ્રાર્થના કરી રહ્યા છે. આ પહેલા સિંગર અરજિતસિંહ અને તેની પત્ની પણ કોરોનાથી સંક્રમિત થયા હતા.

### મણિપુરમાં જવાન અને ભાજપના કાર્યકરની હત્યા

ઈમ્ફાલ, તા.૧૧

મણિપુર વિધાનસભાની ચૂંટણી જાહેર થતાની સાથે જ રાજ્યમાં હિંસા શરુ થઈ ગઈ છે. હુમલાખોરોએ ઈન્ડિયન રિઝર્વ બટાલિયનના એક જવાન સહિત બેની હત્યા કરી છે. આ પૈકી એક ભાજપ કાર્યકર છે.ભાજપના સૂત્રોના કહેવા પ્રમાણે હુમલામાં મોતને ભેટનાર એક પાર્ટીનો સભ્ય હતો અને કૃષિ મંત્રી માટે કામ કરતો હતો. મણીપુરના સીએમે પણ મરનારાના પરિવારજનોની મુલાકાત લીધી હતી. તેમણે કહ્યુ હતુ કે, આ ભાજપના સમર્થકો પરનો હુમલો છે અને સરકાર જ્યાં સુધી દોષીઓની ધરપકડ નહીં થાય ત્યાં સુધી શાંત નહી બેસે.પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે. દરમિયાન આ હત્યાના પગલે તનાવ ફેલાયો છે.નારાજ લોકોએ ચક્કાજામ પણ કર્યો હતો.

# સાઉદીના ક્રાઉન પ્રિન્સ બિન સલમાન સામે વિદ્રોહનું જોખમ

## ક્રાઉન પ્રિન્સને લઈને લોકો અને ધર્મગુરુમાં નારાજગી : પ્રિંસ સલમાનના પરિવારમાં પણ મતભેદ ચાલી રહ્યા છે, આ કારણ છે કે બે ક્રાઉન પ્રિંસ હજુ પણ જેલમાં છે

રિયાધ, તા.૧૧

સાઉદી અરબના ક્રાઉન પ્રિંસ મોહમ્મદ બિન સલમાન



વિરૂદ્ધ બગાવત થઈ શકે છે. કિંગડમના લોકોની વચ્ચે ક્રાઉન પ્રિંસને લઈને ખાસ્સી નારાજગી છે. સાઉદી અરબના ધર્મગુરુ સલમાનથી નારાજ છે. આ સિવાય, પ્રિંસ સલમાનના પરિવારમાં પણ મતભેદ ચાલી રહ્યા છે. આ કારણ છે કે બે ક્રાઉન પ્રિંસ હજુ પણ જેલમાં છે. જોકે ક્રાઉન પ્રિંસ સાઉદી અરબને આધુનિક બનાવવા ઈચ્છે પરંતુ તેમની ઓળખ એક તાનાશાહના રૂપમાં હોય છે, કેમ કે તે દેશના નિર્ણય સમન્વય બનાવ્યા વિના લઈ રહ્યા છે.

ક્રાઉન પ્રિંસના આદેશ પર જ કિંગડમ અને શાહી પરિવારના આલોચક રહેલા પત્રકાર જમાલ ખાશોગજીની હત્યા કરવામાં આવી. તુર્કીના ઈસ્તાંબુલ શહેરમાં સ્થિત સાઉદી દૂતાવાસમાં પત્રકારને મોતને ઘાટ ઉતારી દીધા. ખાશોગજીની હત્યા એટલા માટે કરવામાં આવી, કેમ કે તેમણે ક્રાઉન પ્રિંસ સલમાનની આંતરરાષ્ટ્રીય મંચો પર નિંદા કરી હતી. મોહમ્મદ બિન સલમાન પોતાના દેશમાં મૌલાના પોલિટિક્સને કિનારે કરવા ઈચ્છે છે પરંતુ સાથે જ તેમનો પ્રયત્ન છે તેમના એક છત્ર રાજ ચાલતુ રહે.

### કસ્ટમર કેરનો નંબર સર્ચ કર્યો અને ૧૦ લાખ ગુમાવ્યા

#### સાયબર ઠગ્સે ફરિયાદીને એક લિંક મોકલી અને ૧૨ વખત એકાઉન્ટમાંથી લગભગ ૧૦ લાખ ઉપાડી લીધા

નોઈડા, તા.૧૧

નોઈડાના સુનિલે અંડમાનથી રિટર્ન એર ટિકિટની તારીખ બે દિવસ વધારવા માટે એર ઈન્ડિયાનો કસ્ટમર કેર નંબર ઓનલાઈન સર્ચ કર્યો હતો. જ્યારે તેણે આ નંબર પર કોલ કર્યો ત્યારે સાયબર ઠગ્સે તેને એક લિંક મોકલી અને ૧૨ વખત એકાઉન્ટમાંથી લગભગ ૧૦ લાખ રૂપિયા ઉપાડી લીધા. બાદલપુર પોલીસે આ મામલે ફરિયાદ નોંધીને તપાસ શરૂ કરી છે. બેંક અધિકારીઓને ફરિયાદ કરતાં તેને લગભગ સાડા ત્રણ લાખ રૂપિયા પાછા મળી ગયા. બાદલપુર પોલીસ સ્ટેશન વિસ્તારના કચૈડા વારસાબાદના રહેવાસી સુશીલ કુમાર નગરે જણાવ્યું કે તેણે નવા વર્ષમાં અંડમાન જવા માટે એર ઈન્ડિયાની ટિકિટ બુક કરાવી હતી. રિટર્ન ટિકિટની તારીખ બે દિવસ લંબાવવા માટે તેણે ઓનલાઈન નંબર સર્ચ કરીને એર ઈન્ડિયાના કસ્ટમર કેરને ફોન કર્યો હતો. કોલ રિસીવ કરનાર વ્યક્તિએ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન માટે ૨૨૫ રૂપિયા માંગ્યા હતા. આ માટે આરોપીએ લિંક મોકલી અને ઓટીપી જણાવવાનું કહ્યું.

સુશીલ નાગરે વિશ્વાસપૂર્વક ઓટીપીકહ્યું જો કે, તેણે ઓટીપીજણાવતા જ તેને શંકા ગઈ અને તેણે બેંક અધિકારીઓને ફોનકરીને તેની જાણ કરી. ત્યાં સુધી ૧૨ વખત તેના ખાતામાંથી લગભગ ૧૦ લાખ રૂપિયા ઉપડી ગયા હતા. સુશીલે કહ્યું કે ફરિયાદ બાદ તેના ખાતામાં સાડા ત્રણ લાખ રૂપિયા પરત આવી ગયા છે. આ સાથે આરોપીઓના કયા ખાતામાં પૈસા ગયા તેની પણ તપાસ શરૂ કરવામાં આવી છે. તેને આશા છે કે બાકીના પૈસા પણ જલ્દી પરત મળી જશે.

# વિદેશથી આવનારાએ ૭ દિવસ હોમ ક્વોરન્ટાઈન થવું પડશે

નવી દિલ્હી, તા.૧૧

કોરોનાના વધી રહેલા કેસોના પગલે હવે વિદેશથી આવતા યાત્રીઓ માટે સરકારે વધારે આકરા નિયંત્રણો લાગુ કર્યા છે. ભારત સરકારે જાહેર કરેલી ગાઈડલાઈન પ્રમાણે હવે વિદેશથી આવનારા વ્યક્તિએ સાત દિવસ માટે હોમ ક્વોરેન્ટાઈન થવુ પડશે.આઠમા દિવસે તેમનો આરટી પીસીઆર ટેસ્ટ કરવામાં આવશે.આ ગાઈડ લાઈન આજથી લાગુ કરવામાં આવી છે. સ્વાસ્થ્ય મંત્રાલયનુ કહેવુ છે કે, કોરોનાની ગંભીર સ્થિતિને જોતા આ નિર્ણય લેવામાં આવ્યો છે.વિદેશથી આવનારાને તરત જ

● અનુસંધાન પાન-૭ પર

